જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૩/૨૦૧૭ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૩૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૮ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૨૦ બીયર ટીન, ૨ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૩૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૨ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૩૩/૧૭**

**મણીનગર** : મધુબેન વા/ઓ મનુભાઈ શાહ (ઉ.વ.૭૭)(રહે,કલગી એપાર્ટમેંટ, જયહિંદ ચાર રસ્તા, સીતાબાગ સોસાયટી સામે, અંબાજી માતા મંદિર રોડ, મણિનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૩/૧૭ ના કલાક ૧૨/૦૦ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન બે અજાણ્યા ઈસમો (૩૦ થી ૩૫ વર્ષનાં આશરાનાં) ભેગામળી મધુબેનનાં ઘરે આવી, તેમની બંગડી ધોઈ આપવાનું જણાવી મધુબેનને વિશ્વાસમાં લઈ તેમના હાથમાં પહેરેલ સોનાની ચાર બંગડી કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની લઇ પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.ખરાડી ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૫૩૪/૧૭**

**જી.આઇ.ડી.સી.વટવા** : ચિરાગસિંહ રાયસિંહ સોલંકી (ઉ.વ.૨૪)(રહે.હરસિધી ઈલેક્ટ્રોનીકસ કંપનીની અંદર, ફેઝ-૪ સિપેટની પાછળ, જીઆઈડીસી.વટવા) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૩/૧૭ ના કલાક ૦૦/૧૫ વાગ્યાનાં સુમારે વટવા જીઆઈડીસી ત્રિકમપુરા પાટિયા એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડની નજીક મોટર સાયકલ નંબર જીજે.૨૭.એ.જી.૦૭૮૬ નાં ચાલકે ચિરાગસિંહને છરો બતાવી, ગળામાંથી સોનાની પેંડલ સાથેની ચેઈન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ભાગી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૩૫/૧૭</u>**

**પાલડી** : મીનાક્ષીબેન મનસુખભાઇ ચાવડા (ઉ.વ.૬૧)(રહે,નુતન સોસાયટી, સુવિધા શોપીંગ સેંટરની પાછળ) એ તા.૧૪/૩/૧૭ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૩/૧૭ ના કલાક ૪/૩૦ થી તા.૧૩/૩/૧૭ રાતના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાનાં મકાનનો દરવાજો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.ગોજીયા ચલાવે છે.

**સરદારનગર** : વિનોદકુમાર રામલાલુ પોરવાલ (રહે,અધ્ધારુ ની ખડકી ભંડેરીની પોળ, કાલુપુર દરવાજા ની અંદર, કાલુપુર) એ તા.૧૪/૩/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૩/૧૭ બપોરના ૧/૩૦ થી તા.૬/૩/૧૭ ના કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા બેંક પાસે, ન્યુ ભાગ્યોદય સોપીંગ સેંટરમાં આવેલ પોતાની શ્રી વિનાયક ટાયર્સ નામની દુકાનનાં તાળા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી જુદી-જુદી કંપનીનાં ટાયર તથા ટ્યુબ નંગ ૮૬૮ કુલ કિંમત રૂપિયા ૪,૨૮,૫૨૮/-મતાનાં ચોરી કરી લઇ ગઈ છે.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.ઝાલા ચલાવે છે

**<u>નજર ચુકવી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૩૬/૧૭</u>**

**રખિયાલ** : સન્નીભાઇ દિનેશભાઇ પઢારીયા (ઉ.વ.૨૫)(રહે.રાણપુરા તા.રાણપુરા જી.બોટાદ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૩/૧૭ સાંજના ૭/૧૫ વાગ્યાનાં સુમારે રખિયાલ અજીતકાંટાની બાજુમાં રોડ પરથી પોતાનુ એકટીવા ચલાવી પસાર થતાં હતા દરમ્યાન શરીરે અચાનક ખંજવાળ આવતાં, સન્નીભાઇએ એક્ટીવા ઉભુ રાખી શરીરે ખંજવાળવા લાગેલા, તે વખતે કોઇ અજાણી વ્યક્તિ એક્ટીવામાં મુકેલ બેગમાં રાખેલાં રોકડ રૂપિયા ૨,૯૦,૦૦૦/- સન્નીભાઇની નજર ચુકવી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

**<u>અપમૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૩૭/૧૭</u>**

**રખિયાલ** : રાજેશ નનકઉ પાસવાન (ઉ.વ.૨૮)(રહે.જગદીશનગર હાટકેશ્વર અમરાઇવાડી) તા.૧૪/૩/૧૭ નાં કલાક ૧૨/૩૦ વાગ્યાનાં સુમારે નાગરવેલ હનુમાન પાસે આવેલ “શ્રી રૂગ્ધવંધ ગીયર ઇન્ડીયા” નામના કારખાનામાં લેથ મશીન ઉપર કામ કરતી વખતે, કપલીંગ સાત નંગ-૭ ધાર આપવા માટે લેથ મશીન પર ચડાવેલ. જે લેથ ઉપર બરાબર ફીટ ન થયેલ હોઇ, જે લેથ મશીન ચાલુ કરતા લેથ મશીનમાંથી નંગ આક્સ્મીક રીતે છટકી રાજેશનાં માથા ઉપર પડતાં, માથામાં ગંભીર ઇજા થતાં, સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ જ્યાં સારવાર દરમ્યાન બપોરનાં ૩/૩૦ વાગે ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળદેવસિહ રામસિહ ચલાવે છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દાણીલીમડા** : દિલીપભાઇ લાલસિંગ વણજારા (ઉ.વ.૩૮)(રહે.નમતાપાર્ક, જી.આઇ.ડી.સી.નરોડા) તા.૧૩/૩/૧૭ બપોરનાં ૨/૦૦ વાગ્યાનાં સુમારે દાણીલીમડા સીકંદર માર્કેટ પાસે, લખના ટેક્ષટાઇલ્સમાં કામ કરતા હતા ત્યારે બોઇલર માંથી ગરમ પાણી દિલીપભાઇ ઉપર પડતા, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૩/૧૬ બપોરના ૪/૧૫ વાગે ફરજ પરનાં ડૉ.શ્રીએ દિલીપભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી કાન્તીભાઇ વિનોદકુમાર ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)